આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

એટલો આત્મવિશ્વાસ રાખો
કે પૃથ્વીના આવશ્યક
માણસમાં આપણે પણ
ગણાઇએ
- મેક્સિમ ગોર્કી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૧૪, શનિવાર; જેઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બી.પી. કોલેજ ઓફ એડમીનીસ્ટ્રેશને ગાંધીનગરનું ગૌરવ બની ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો

## એનએએસી દ્વારા બી-પ્લસ ગ્રેડ મેળવ્યો : રાજ્યની અનેક બીબીએ કોલેજમાં આગવું સ્થાન બનાવ્યું : મેરીટ સ્કોલરશીપ આપની ગુજરાતની એક માત્ર સંસ્થાએ 'કર ભલા તો હોગા ભલા' સૂત્રને સાર્થક કર્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં આવેલ કડી સર્વ વિદ્યાલય એ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અનોખુ વિદ્યાધામ છે. આ કેમ્પસમાં આવેલ બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ ૧૫ વર્ષથી આ વિદ્યાધામનું મહામુલુ ઘરેણું બની ચુકી છે. અને ૧૯૯૯માં કડી સર્વ વિદ્યાલયના ચેરમેન માણેકલાલ સાહેબની આગવી સુઝ અને તેમના ઉચ્ચ શિક્ષણ પ્રત્યેના લગાવને કારણે મેનેજમેન્ટ ક્ષેત્રે સ્નાતકનો કોર્સ ભણાવતી આ કોલેજની સ્થાપના કરાઈ હતી. અત્યારે આ કોલેજ રાજ્યની અગ્રગણ્ય કોલેજ બની ગઈ છે.

બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશને પ્રારંભે ૧૦૦ વિદ્યાર્થીઓથી તેની સફરની શરૂઆત કરી હતી જે હવે ૧૬ મા વર્ષે મંગલ પ્રવેશ કરી હજારો વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ઠ ભાવિ ઘડતરમાં સહભાગી થઈ ચૂકી છે. એનએએસી જેવી પ્રતિષ્ઠીત સંસ્થા દ્વારા બી-પ્લસનો ગ્રેડ મેળવેલ આ કોલેજે મેનેજમેન્ટ ક્ષેત્રે છેલ્લા દોઢ દાયકામાં સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરી શકે તેવા માપદંડો સ્થાપિત કર્યા છે. વિશ્વમાં જ્યારે બીજનેસ એડમીનીસ્ટ્રેશન અને મેનેજમેન્ટ ક્ષેત્રે સારા કર્મચારીઓની કોર્પોરેટ જગતમાં બહોળા પ્રમાણમાં માંગ વિકસી છે ત્યારે આ કોલેજે સંનિષ્ઠ પ્રયત્નો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં નિપુણ અને કૌશલ્ય કેળવાયેલા ઉમેદવારો પુરા પાડ્યા છે. મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત અનેક સંસ્થાઓ વચ્ચે આ કોલેજ પોતાની આગવી ઓળખ અને પ્રતિષ્ઠાસભર સ્થાન ઉભું કર્યું છે તે ગાંધીનગર માટે ગૌરવ સમાન છે.

આ કોલેજ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ થઈ શકાય તે બાબતની ચિંતા સંસ્થાના સંચાલકો કરે છે, જેથી ગુજરાત રાજ્યની આ એક માત્ર કોલેજ એવી છે જે મેરીટ સ્કોલરશીપ આપી તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરે છે. શિક્ષણ જગતમાં આજકાલ ઠેર ઠેર વેપારની હાટડીઓ સમી બનેલી સંસ્થાઓ વચ્ચે 'કર ભલા તો હોગા ભલા'ના સિદ્ધાંત થકી મેનેજમેન્ટ ક્વોટાને સંસ્થાએ સ્થાન ન આપી દીવા દાંડી સમાન બની રહેલ છે. ઉચ્ચ અભ્યાસની સાથે સાથે અનેક ઈતર પ્રવૃત્તિઓ અને અભ્યાસ સહાયક આયોજનોથી કોલેજ કેમ્પસ હંમેશા ધમધમતુ રહે છે. આ કોલેજનો 'આયના' કાર્યક્રમ છેલ્લા ૧૬ વર્ષથી ગુજરાતમાં સાંસ્કૃતિક કાર્યક્રમનની ઓળખ બની ગયો છે. વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ થકી તેમની કળાને ખીલવી તેમનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને બહાર કાઢવા કોલેજ તેમને મંચ પૂરો પાડે છે. અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત રમતગમત ક્ષેત્રે શક્તિઓને ખીલવવા સ્પોર્ટસવીક, જુદા જુદા સેમીનાર-વર્કશોપ, ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ, શિક્ષક દિન, ગુરુપૂર્ણિમા ઉજવણી, સેવા ભાવનાને ઉત્તેજન આપવા રક્તદાન શિબિર, વૃદ્ધાશ્રમ મુલાકાત, વૃક્ષારોપણ, પશુ-પંખીઓ બચાવવા જાગૃતિ તેમજ નવા વિદ્યાર્થીઓને આવકારવા વેલકમ પાર્ટી જેવા અનેક કાર્યક્રમોથી આ કોલેજનું કેમ્પસ ધમધમતુ રહે છે. આ માટે અનેક સંસ્થાઓ અને સરકારની પણ મદદ લેવાય છે.

વિદ્યાર્થીઓમાં સ્કીલ ડેવલપમેન્ટ અને ઈંગ્લિશ સ્પીકીંગ માટે 'સ્કોપ' જેવી સંસ્થાઓ સાથે મળીને વિશિષ્ટ કાર્ય કરાય છે, તેમજ અંગ્રેજી ભાષામાં આત્મવિશ્વાસ કેળવવા 'લેંગ્વેજ ક્લબ'ની પણ સ્થાપના કરાઈ છે. જુદા જુદા વિષયો પર ફિલ્મ, ડોક્યુમેન્ટરી બતાવાય છે અને તે માટે 'મુવી ક્લબ'ની સ્થાપના કરાઈ છે. આમ આ કોલેજના સંનિષ્ઠ પ્રયાસોને કારણે હજારો વિદ્યાર્થીઓ તેમની કારકિર્દીને ખિલવી શક્યા છે. જેમાંથી સેંકડો વિદ્યાર્થીઓ આજે ગુજરાત અને ભારત સરકાર ઉપરાંત યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં કાર્યરત થયા છે તે કોલેજ માટે ગૌરવની બાબત છે. કોલેજ દ્વારા પ્લેસમેન્ટનું આયોજન કરી વિદ્યાર્થીઓને સારા પેકેજ સાથે પસંદગી થાય તેનું આયોજન પણ કરાય છે. આમ આ કોલેજ ગાંધીનગરનું અનોખુ ઘરેણું બની ગયું છે.